સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

સમય આપણને શાણા બનાવે તે પહેલા જ, સમયસર શાણા બની જવું જરૂરી છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૭૦ ● તારીખઃ ૨૯.૦૮.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## 'રોલ્સ રોયસ'માં ફરતા બિલ્ડરનું મોત કુદરતી નહીં, આપઘાત કર્યાનો ધડાકોઃ જામનગરના મેરામણ પરમારના પરિવારની ૧૧ વ્યાજખોર સામે ૧૫૩ કરોડની મિલકત પચાવી પાડ્યાની ગાંધીનગરમાં ફરિયાદ






**સમય સંદેશઃ જામનગર**

જામનગર અને અમદાવાદમાં રીઅલ એસ્ટેટ ક્ષેત્રે મોટું નામ ધરાવતા જાણીતા બિલ્ડર મેરામણ પરમારે વ્યાજખોરોના માનસિક ત્રાસથી કંટાળીને ઝેરી દવા પીને આત્મહત્યા કરી લીધાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. ગત ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અડાલજ રોડ પર ડ્રાઈવરને પાન લેવા મોકલ્યા બાદ તેમણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી, જેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. શરૂઆતમાં પરિવારે કુદરતી કે શંકાસ્પદ મૃત્યુ સમજી અંતિમક્રિયા કરી દીધી હતી. પરંતુ બાદમાં મૃતકના પુત્ર દેવ પરમારે બેંક સ્ટેટમેન્ટો અને સબ-રજિસ્ટ્રાર કચેરીના દસ્તાવેજો ચકાસી વાઢેર અને દોમડીયા પરિવાર સહિત ૧૧ વ્યાજખોરો સામે ગુનાહિત ષડયંત્ર અને આપઘાતની દુષ્પ્રેરણા અંગે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મેરામણભાઈના મોતના ૧૦ દિવસ બાદ તેમના પત્ની કિર્તીબેનને ઘરમાંથી મૃતકના હસ્તાક્ષરમાં લખાયેલું એક બંધ કવર મળી આવ્યું હતું, જેમાં ૭ જાન્યુઆરી ૨૦૨૫ની તારીખ અને સહી હતી. પરિવારે આ કવર ખોલતાં તેમાંથી મેરામણ પરમારની લખેલી બે અલગ-અલગ સુસાઈડ નોટો મળી આવી હતી. ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લખાયેલી ચાર પાનાની પ્રથમ સુસાઈડ નોટમાં આક્ષેપ કરાયો હતો કે, જામનગરના વ્યાજખોરો ભીખુભા હરીસિંહ વાઢેર અને તેના પુત્રો ધવલસિંહ, વિરેન્દ્રસિંહ અને શૈલેન્દ્રસિંહે મુદ્દલ અને વ્યાજની તમામ રકમ ૩% લેખે ચૂકવી આપી હોવા છતાં સિક્યુરિટી પેટે પોતાના નામે કરાવેલી કરોડોની મિલકતો પરત આપતા નથી અને ચક્રવૃદ્ધિ વ્યાજ વસૂલી અસહ્ય ત્રાસ આપી રહ્યા છે.

તે જ રીતે ૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ લખાયેલી બીજી સુસાઈડ નોટમાં પ્રવિણ લક્ષ્મણભાઈ દોમડીયા અને તેના પરિવારે ઢીચડાની 'નંદ વિદ્યા નિકેતન સ્કૂલ'ની ૫૦% મિલકતનો દસ્તાવેજ સેફ્ટી પેટે કરાવી લીધા બાદ વાર્ષિક ૨% લેખે કરોડોનું વ્યાજ મેળવ્યા છતાં દસ્તાવેજ પરત કરવા વધુ રૂ. ૩.૫૦ કરોડની અનધિકૃત માગણી કરી અસહ્ય માનસિક ત્રાસ આપ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ કરાયો હતો. આ સુસાઈડ નોટોના આધારે તપાસ કરતાં સામે આવ્યું કે, વાઢેર અને દોમડીયા પરિવારે જામનગર શહેર, નાઘેડી, લાખાબાવળ, મસિતીયા, ઢીચડા, નગરસીમ અને રાવલસર ગામની સીમમાં આવેલી આશરે ૨૮ જેટલી કિંમતી જમીનો તથા પ્લોટો પચાવી પાડ્યા હતા.


વ્યાજખોરોની છેતરપિંડીની મોડસ ઓપરેન્ડી અંગે

અનુ પાના નં.૨ પર

## નેપાળ-તિબેટ સરહદે પૂર તબાહીઃ ૫૫૨ લોકોના મોત, ૧૫૦૦ ગુમ

### ચીનમાં ૪૦૦ ભારતીયો સુરક્ષિત તો છત્તીસગઢના ભાજપ નેતાની દીકરી સહિત ૮૦ યાત્રાળુઓ ગુમ



**સમય સંદેશઃ નવીદિલ્હી**

નેપાળ અને તિબેટ સરહદ નજીક ગ્લેશિયર અને તળાવ ફાટવાના કારણે સર્જાયેલી ભયાનક પૂર-ભૂસ્ખલનની હોનારતમાં અત્યાર સુધીમાં ૫૫૨ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૧૫૦૦થી વધુ લોકો ગુમ થયા છે. આ કુદરતી આફતમાં પશ્ચિમ બંગાળના નેતાઓ ઉપરાંત છત્તીસગઢના સિનિયર ભાજપ નેતા કરતા રામ ગુપ્તાની દીકરી ડો. મીના ગુપ્તા સહિત ૮૦ યાત્રાળુઓનો દળ પણ ઇમિગ્રેશન સેન્ટર પાસેથી ગુમ થયો છે. બીજી તરફ, ચીન સરહદ તરફ ફસાયેલા તમામ ૪૦૦ ભારતીય નાગરિકો સુરક્ષિત હોવાનું અને ભારતીય દૂતાવાસ તેમના સંપર્કમાં હોવાનું વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે. વારંવાર તળાવો ફાટવાના જોખમને પગલે ચીને લેવલ-૪ એલર્ટ જાહેર કરીને રાહત કામગીરી સ્થગિત કરી છે, જ્યારે નેપાળી સેના દ્વારા ભોટેકોશી અને ત્રિશૂલી નદી કાંઠાના ગામો ખાલી કરાવીને બચાવ કામગીરી પુરજોશમાં ચલાવવામાં આવી રહી છે.

## કૈલાશ-માનસરોવર યાત્રાએ ગયેલા પૂર્વ રેલવે મંત્રી મુકુલ રોયના પુત્રવધૂ શર્મિષ્ઠા ભૌમિક નેપાળ પૂર બાદ ગુમ



**સમય સંદેશઃ કોલકાતા**

નેપાળ-તિબેટ સરહદ નજીક અચાનક આવેલા ભયંકર પૂરના કારણે કૈલાશ-માનસરોવરની યાત્રાએ ગયેલા અનેક યાત્રાળુઓના પરિવારજનોની ચિંતામાં મોટો વધારો થયો છે. ગુમ થયેલા લોકોમાં પશ્ચિમ બંગાળના પૂર્વ મંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના નેતા મુકુલ રોયના પુત્રવધૂ શર્મિષ્ઠા ભૌમિક રોયનો પણ સમાવેશ થાય છે. ૪૩ વર્ષીય શર્મિષ્ઠા બીજપુરના પૂર્વ ધારાસભ્ય સુભ્રાંશુ રોયના પત્ની છે અને તેઓ ૨૧ ઓગસ્ટના રોજ કૈલાશ-માનસરોવર યાત્રા માટે કોલકાતાથી એકલા નીકળ્યા હતા. તેમણે છેલ્લે ૨૫ ઓગસ્ટે રાત્રે ૧૧:૩૦ વાગ્યે તિબેટના કિરોંગ વિસ્તારમાંથી પતિ સાથે વાતચીત કરી હતી, ત્યાર બાદથી તેમનો સંપર્ક તૂટી ગયો છે.

અનુ પાના નં.૨ પર

## પીએમ મોદીએ લોક કલ્યાણ માર્ગ નિવાસસ્થાને જેન આલ્ફા બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી

### બાળકોએ પીએમ મોદીને રાખડી બાંધી કવિતાઓ સંભળાવી, કારેલાના શાકથી લઈ AI સુધીની રમૂજી અને રસપ્રદ વાતો થઈ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે તેમના લોક કલ્યાણ માર્ગ સ્થિત નિવાસસ્થાને જેન-આલ્ફા બાળકો સાથે રક્ષાબંધનના પવિત્ર પર્વની ખાસ ઉજવણી કરી હતી. આ પ્રસંગે અનેક બાળકો પીએમ મોદીને રાખડી બાંધવા પહોંચ્યા હતા, જ્યાં પ્રધાનમંત્રીએ તેમની સાથે ખૂબ જ હળવાશથી વાતચીત કરી તેમની વાર્તાઓ સાંભળી હતી. પીએમ મોદીએ બાળકો સાથેની આ રમતિયાળ વાતચીતનો લગભગ ત્રણ મિનિટનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'એક્સ' પર પણ શેર કર્યો હતો, જેમાં બાળકોની માસૂમિયત અને પ્રધાનમંત્રીનો સહજ અંદાજ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો.



મુલાકાત દરમિયાન બાળકોએ પીએમ મોદીને પોતાના હાથે બનાવેલી અને કમળની ભાતવાળી રાખડીઓ બાંધી હતી તેમજ કેટલાક બાળકોએ તેમને અગાઉથી જન્મદિવસની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ટેકનોલોજીની પણ ચર્ચા થઈ હતી, જેમાં એક વિદ્યાર્થીએ પીએમ મોદીને AI સંબંધિત રાખડી બાંધી જવાબદારીપૂર્વક AI શીખવા અને તેનો યોગ્ય ઉપયોગ કરવાનું વચન આપ્યું હતું. આ ઉપરાંત, રક્ષાબંધન પ્રસંગે બાળકોએ પીએમ મોદી માટે તૈયાર કરેલી ખાસ કવિતાઓ પણ સંભળાવી હતી, જેને સાંભળીને પ્રધાનમંત્રીએ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

અનુ પાના નં.૨ પર

## મારા નસીબમાં આંદોલનજીવીઓ અને આતંકીઓ સામે લડવાનું જ લખ્યું છેઃ ગૃહમંત્રી અમિત શાહ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશના ગૃહમંત્રી તરીકેની પોતાની સફર અને તે દરમિયાન આવતા પડકારો અંગે ખુલ્લીને વાત કરી છે. એક જાહેર કાર્યક્રમ દરમિયાન લોકોને સંબોધિત કરતા તેમણે હળવા અંદાજમાં પરંતુ ગંભીરતાપૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્રમાં મને ગૃહ મંત્રાલય મળ્યું છે, તેથી કદાચ મારા ભાગ્યમાં આંદોલનો અને આતંકવાદીઓ સામે નિપટવાનું જ લખાયેલું



છે. અમિત શાહના આ નિવેદનનો વિડીયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. દેશમાં ચાલી રહેલા વિવિધ વિરોધ પ્રદર્શનો અને પડકારો વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રીનું આ નિવેદન અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. કાર્યક્રમ દરમિયાન તેમણે કોરોના મહામારીના ભયાનક સમયગાળાને પણ યાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે કોઈ એક શહેરમાં કરફ્યુ અમલી

અનુ પાના નં.૨ પર

## TMC સાંસદ અભિષેક બેનર્જીની ઓફિસે હોર્ડિંગ હટાવવા ગયેલી KMC અને પોલીસ ટીમ પર હુમલોઃ ૩ FIR નોંધાઈ, ૧૩ કાર્યકરોની ધરપકડ


**સમય સંદેશઃ કોલકાતા**

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાના કેમેક સ્ટ્રીટ ખાતે તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને સાંસદ અભિષેક બેનર્જીની ઓફિસ પર જોખમી રીતે લગાવવામાં આવેલા અનધિકૃત સાઇનબોર્ડ અને હોર્ડિંગ હટાવવા પહોંચેલા કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને પોલીસ ટીમ પર હુમલો થતાં રાજકીય ગરમાવો આવી ગયો છે. સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરવા, પોલીસ અને નગરપાલિકાના કર્મચારીઓ સાથે મારપીટ કરવા, જીવલેણ હુમલો કરવા અને સરકારી

અનુ પાના નં.૨ પર



## રક્ષાબંધને રૂપિયાને બદલે ખાંડ-ડુંગળીની ભેટઃ રાજકોટમાં મોંઘવારીના માર સામે ભાઈએ બહેનને આપ્યું અનોખું 'રક્ષાસૂત્ર'!



**સમય સંદેશઃ રાજકોટ**

રાજકોટમાં રક્ષાબંધનના પવિત્ર પર્વે ભાઈ-બહેનના પ્રેમ સાથે રાજકીય અને સામાજિક કટાક્ષનો અનોખો રંગ જોવા મળ્યો હતો, જ્યાં સામાન્ય રીતે મોંઘાદાટ ગિફ્ટ કે રોકડ રૂપિયા આપવાના જમાનામાં શહેર કોંગ્રેસના માલધારી અગ્રણી રણજીત મુંધવાએ પોતાની પૂર્વ કોર્પોરેટર બહેન કોમલબેન ભરાઈને શુકન તરીકે 'ખાંડ અને ડુંગળી' ભેટમાં ધરી દીધી હતી! ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવી નાખતી આસમાને આંબતી મોંઘવારી સામે પ્રતિકાત્મક વિરોધ નોંધાવતા તેમણે આ અનોખી ભેટ આપી 'મોંઘવારીના મારથી બહેનનું રક્ષણ' કરવાનો રમૂજી છતાં વેધક સંદેશ આપ્યો હતો. તહેવારના ટાણે રોકડા રૂપિયા કરતાં રસોડામાં વપરાતી ખાંડ અને ડુંગળી વધુ કિંમતી બની ગઈ હોવાનો આ તીખો કટાક્ષ સમગ્ર શહેરમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો, જેના કારણે ભાઈ-બહેનના સ્નેહ સાથે વધતી મોંઘવારીનો મુદ્દો પણ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.


## તંત્રી સ્થાનેથી..

### ‘કથ્થઈ’ રાજકારણ !

સન ૨૦૨૫માં, ૧૫થી ૨૯ વર્ષની વયના દરેક ૧૦૦ સ્નાતકોમાંથી ફક્ત ૨૬ નિયમિત પગારદાર રોજગારમાં હતા, અને ફક્ત ચાર પાસે કરારની નોકરીઓ અને સામાજિક સુરક્ષા સાથે પગારદાર નોકરીઓ હતી. તેથી, યુવા રોજગાર સંકટના બે છેડા દેખાય છેઃ એક નોકરીની તૈયારીમાં, અને બીજો નોકરીઓમાં. એકલા મફત કોચિંગ આમાંથી કોઈ પણ ઉકેલ લાવશે નહીં. સરકાર દ્વારા ૬ ટકા – ૬. ૫ ટકા આર્થિક વૃદ્ધિનો દાવો કરવામાં આવ્યો હોવા છતાં, ભારતીય અર્થતંત્રની માળખાકીય સમસ્યાઓને હવે અવગણી શકાય તેવી નથી. ભારતના કોલેજ ગ્રેજ્યુએટ્સને રોજગારી આપવા માટે ઉત્પાદન સૌથી આશાસ્પદ ક્ષેત્ર છે, પરંતુ તે કુલ મૂલ્યવર્ધનના છઠ્ઠા ભાગ જેટલું જ રહે છે. તે અર્થતંત્રના એક ચતુર્થાંશ સુધી પણ પહોંચ્યું નથી જેનું સરકારે લાંબા સમયથી વચન આપ્યું હતું. દરમિયાન, ખાનગી ક્ષેત્ર તેના આદેશથી પાછળ હટી રહ્યું છે. સન ૨૦૧૯માં કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકાથી ઘટાડીને ૨૨ ટકા કરવામાં આવ્યો હોવા છતાં, કોર્પોરેટ રોકાણ ૨૦૦૭–૦૮ના નાણાકીય વર્ષ જીડીપીના ૧૭.૩ ટકાથી ઘટીને ૨૦૨૪–૨૫ના નાણાકીય વર્ષમાં ૧૦.૩ ટકા થઈ ગયું છે. કેન્દ્ર સરકારે જે પગલાં લેવાની જરૂર છે તે સ્પષ્ટ છેઃ ઔદ્યોગિક ક્ષમતામાં જાહેર રોકાણ, સ્થાનિક સુરક્ષાને બદલે નિકાસ પ્રદર્શન દ્વારા શિસ્તબદ્ધ ઉદ્યોગ માટે સમર્થન. સરકારની કેટલીક વ્યર્થ નિયમાવલી જે પસંદગીયુક્ત રીતે ઉદ્યોગોને લક્ષ્ય બનાવે છે, ખાસ કરીને નોકરીઓનું સર્જન કરતી મધ્યમ કદની કંપનીઓને અસર કરે છે તેમાં પણ નવેસરથી બૌદ્ધિક વ્યાયામ કરવો જરૂરી છે. આ અભિગમ યુવાનોને જરૂરી સ્તરે નોકરીઓ પૂરી પાડવાની વધુ સારી તક આપશે. જેમ કે વિયેતનામ જેવા દેશોએ દર્શાવ્યું છે. કેન્દ્ર સરકાર હજુ એવા ખુશનુમા ખ્યાલમાં છે કે કોકરોચ જનતા પાર્ટીનાં પરિબળોને અંકે કરી લેવાશે પરંતુ એ માત્ર ભ્રમણા છે. સ્વયંમાં નિરંતર ગુલતાન રહેતી ભારતીય જનતા પાર્ટી પણ હજુ એ બાબતે અજ્ઞાનમાં ડૂબેલી છે કે દેશમાં નવી કોકરોચ વોટ બેન્ક ઊભી થઈ રહી છે, જેનો સામનો સત્ય સિવાયના કોઈ પ્રયોગથી થઈ શકશે નહિ. પરંતુ એ બધું તો પ્રબળ ભાવિના ગર્ભમાં છુપાયેલું છે. સરકાર હજુ પણ એ સમજતી નથી કે સમસ્યા નોકરીશૂન્ય યુવા વર્ગની છે અને એ માત્ર લીકપ્રૂફ કસોટીઓ કે મફતના કોચિંગથી ઉકેલી શકાશે નહિ. ડિપ્લોમા નોંધણીમાં ૧.૩૮ લાખનો વધારો થયો હતો. પીરિયોડિક લેબર ફોર્સ સર્વેના યુનિટ–લેવલ ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે.



## હાલારના હાલહવાલ



### ભાણવડ નજીક બરડા ડુંગરની ગિરિમાળાઓ વચ્ચે બિરાજમાન

# કીલેશ્વર મહાદેવના દર્શનાર્થે ઉમટતા શ્રદ્ધાળુઓ





**સમય સંદેશઃ ભાણવડ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ નજીક આવેલા બરડા ડુંગરની ગિરિમાળાઓ વચ્ચે બિરાજમાન કીલેશ્વર મહાદેવના દર્શન માટે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે. આ વર્ષે વરસાદનું પ્રમાણ નહિવત રહેતાં કીલ ગંગામાં પાણી ઓછું જોવા મળી રહ્યું છે, જેના કારણે ભક્તોમાં થોડી નિરાશા સાંપડી છે. તેમ છતાં શ્રદ્ધાળુઓ મહાદેવના દર્શન કરવા અને બરડા ડુંગરના પ્રાકૃતિક સૌંદર્યનો લ્હાવો લેવા મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. વનસ્પતિ અને વન્યજીવોની સુરક્ષા માટે વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રતિબંધનો કડક અમલ કરાવાઈ રહ્યો છે. બરડા અભયારણ્ય વિસ્તારમાં રાત્રિના સમયે વન્યજીવોની અવરજવર અને તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા યાત્રિકો માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ડુંગરની નીચે આવેલી ચેકપોસ્ટ પરથી બપોરે ૪:૦૦ વાગ્યા બાદ દર્શનાર્થીઓ અને પ્રવાસીઓ માટે પ્રવેશ સજ્જડ બંધ કરી દેવામાં આવે છે. તેથી દૂર-દૂરથી આવતા ભક્તોને મુશ્કેલી ન પડે તે માટે સમયસર ચેકપોસ્ટ પર પહોંચી જવા અને બપોરે ૪ વાગ્યા પછી કીલેશ્વર તરફ જવાનું આયોજન ન કરવા વન વિભાગ અને તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. પ્રાકૃતિક સૌંદર્ય, પશુ-પક્ષીઓ અને વન્યજીવોના જતન માટે પ્રવાસીઓને પર્યાવરણની જાળવણીમાં સહયોગ આપવા વિનંતી કરાઈ છે. યાત્રાળુઓ નિયમોનું પાલન કરે અને વન વિભાગની સૂચનાઓ ધ્યાને રાખીને જ પોતાની યાત્રાનું આયોજન કરે તે ઈચ્છનીય છે, જેથી બરડા ડુંગરનું કુદરતી વાતાવરણ અને વન્યજીવોની સુરક્ષા બંને અકબંધ જળવાઈ રહે.

# ખંભાળિયા આજથી અનિશ્ચિતકાળ સુધી ઈસુદાન ગઢવી ધરણા પર

### વિના મૂલ્યે ઘાસચારા અને આ વિસ્તારોમાં ખેડૂતોનું વીજબિલ સરકાર માફ કરે

**સમય સંદેશઃ ખંભાળિયા**

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ દેવભૂમિ દ્વારકા જિલ્લા સહિત જામનગર, પોરબંદર, અમરેલી અને ઉત્તર ગુજરાતમાં નહિવત વરસાદને કારણે ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ હોવાનું જણાવી રાજ્ય સરકાર સામે આકરા આક્ષેપો કર્યા છે. તેમણે નિયમોનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ કરી છે. વરસાદના અભાવે ખેડૂતોનો મોલ મહદ અંશે નિષ્ફળ ગયો છે અને જે પાક બચી શકે તેમ છે તેના માટે પણ તંત્ર દ્વારા સૌની યોજનાનું પાણી ન છોડાતું હોવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. ખેડૂતોની સાથોસાથ પશુપાલકો અને ઘાસચારાની સમસ્યાઓ પણ વિકટ બની છે.

ખેડૂતો, મજૂરો અને વંચિતોના હક-અધિકાર માટે જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ ભૂલીને સૌને એકજૂટ થવા હાકલ કરતાં ઈસુદાન ગઢવીએ જાહેરાત કરી છે કે તેઓ આગામી તા. ૨૯ ઓગસ્ટથી ખંભાળિયામાં સલાયા માર્ગ પર આવેલી વાણિજ્ય કોલેજ બાજુના મેદાનમાં અનિશ્ચિતકાળ માટે ધરણા પર બેસશે. પોતાના જીવનધોરણને ઊંચું લાવવા અને ન્યાય મેળવવા માટે વધુમાં વધુ ખેડૂતો તથા સ્થાનિક લોકો આ ધરણા પ્રદર્શનમાં જોડાય તેવી અપીલ પણ તેમણે કરી છે.

# દ્વારકાધીશના દર્શન કરવા ભક્તોનું ઘોડાપૂરઃ દ્વારકા પોલીસની મહેકી માનવતા, બાળકો, સિનિયર સિટિઝનો માટે વિશેષ વ્યવસ્થા





**સમય સંદેશઃ દ્વારકા**

રક્ષાબંધન પર્વના પવિત્ર દિવસે જગત મંદિર ખાતે ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા માટે કૃષ્ણ ભક્તોનું વિશાળ ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. દેશ-વિદેશ અને દૂરદૂરથી આવેલા હજારો ભક્તોએ કાળિયા ઠાકોરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ભારે ભીડ અને માનવ મહેરામણ વચ્ચે દ્વારકા પોલીસે ઉત્કૃષ્ટ સેવા અને માનવતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભીડને સુવ્યવસ્થિત રીતે નિયંત્રિત કરીને યાત્રાળુઓ માટે દર્શન વ્યવસ્થા સુગમ બનાવવામાં આવી હતી. પોલીસ જવાનો દ્વારા નાના બાળકો, મહિલાઓ અને સિનિયર સિટિઝનોને ભીડમાં કોઈ તકલીફ ન પડે અને તેઓ સરળતાથી દર્શન કરી શકે તે માટે વિશેષ લાઈન અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ભીડમાં નાના બાળકો દબાઈ ન જાય તેમજ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વહીવટી તંત્ર અને પોલીસ કાફલાએ સતત ખડેપગે રહી ખાસ કાળજી લીધી હતી. દ્વારકા પોલીસના આ સંવેદનશીલ અને સહાનુભૂતિપૂર્વકના વ્યવહારથી દર્શનાર્થે આવેલા ભક્તોમાં ભારે સંતોષ અને આનંદની લાગણી જોવા મળી હતી.

# જામનગરના રણજીતસાગર રોડ પર પાઈપ લાઈનનો વાલ્વ લીક થતાં હજારો લીટર પાણીનો વેડફાટઃ વરસાદી ખેંચ વચ્ચે તંત્રની ઘોર બેદરકારી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં એક તરફ ચાલુ વર્ષે વરસાદની તીવ્ર અછત વર્તાઈ રહી છે અને પાણીના સંકટની કાળી સિંહણ જેવા વાદળો ઘેરાઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ જામનગર મહાનગરપાલિકાની બેદરકારીના કારણે હજારો લીટર પીવાનું ચોખ્ખું પાણી રસ્તા પર વહીને વેડફાઈ રહ્યું છે. શહેરના રણજીતસાગર રોડ પર આવેલી હર્ષદ મિલી ચાલી પાસે મહાનગરપાલિકાની મુખ્ય પીવાના પાણીની પાઈપલાઈનના વાલ્વમાં અચાનક મોટું ભંગાણ સર્જાયું હતું. વાલ્વ લીક થવાના કારણે માર્ગ પર પાણીની રેલમછેલ થઈ ગઈ હતી અને રસ્તો જળબંબાકાર બની ગયો હતો. એક તરફ ખેડૂતો અને શહેરજનો વરસાદની રાહ જોઈ રહ્યા છે ત્યારે તંત્રની આવી ઘોર બેદરકારીના કારણે કિંમતી પાણીનો બગાડ થતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોએ તાત્કાલિક ધોરણે મહાનગરપાલિકાના વોટર વર્ક્સ વિભાગ દ્વારા આ ભંગાણનું રિપેરિંગ કામ હાથ ધરી પાણીનો વેડફાટ અટકાવવાની માંગ કરી છે.

### ખંભાળીયા પંથકનાં વૃધ્ધને પ્રાણઘાતક હાર્ટ એટેક

ખંભાળિયા તાલુકાના સોઢા તરઘડી ગામે રહેતા નરેન્દ્રસિંહ મનુભા રાઠોડને બુધવાર તા. ૨૬ ના રોજ પોતાના ઘરે હૃદયરોગનો ઘાતક હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. ભાણવડ તાબેના જંબુસર ગામે રહેતા ગગુભાઈ લખમણભાઈ ખૂંટી નામના ૬૧ વર્ષના મેર વૃધ્ધને છેલ્લા એકાદ વર્ષથી બી.પી.ની બીમારી હોય, આ વચ્ચે ગઈકાલે ગુરુવારે તેમને હાર્ટ એટેક આવી જતા તેમનું મોત નીપજ્યું હતું. જેની જાણ મૃતકના પુત્ર ભરતભાઈ ગગુભાઈ ખૂંટીએ સ્થાનિક પોલીસને કરી છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### વાવડીમાં વીજપોલ

(પાના નં. ૪ થી આગળ)

ચાલુ રાખવાનો આક્રમક નિર્ધાર ગ્રામજનોએ વ્યક્ત કર્યો છે. પવિત્ર તહેવાર કરતાં ખેડૂતોના પડતર પ્રશ્નને પ્રાથમિકતા આપીને સમગ્ર વાવડી ગામ એકજૂટ બનીને આંદોલનને સમર્થન આપી રહ્યું છે. ગ્રામજનોના આ સતત વિરોધ અને ભૂખ હડતાળ વચ્ચે હવે ખેડૂતોના હિતમાં સરકાર દ્વારા શું આખરી નિર્ણય લેવામાં આવે છે તેના પર સમગ્ર જિલ્લાની નજર મંડાયેલી છે.

### હેડ પોસ્ટઓફિસ

(પાના નં. ૪ થી આગળ)

હોવાના ગંભીર આરોપો લાગી રહ્યા છે. હાલમાં આ મામલે જામનગર સાયબર ક્રાઈમ પોલીસે ટપાલ કચેરી પાસેથી જરૂરી દફતર અને તમામ વિગતો લેખિતમાં મંગાવીને સઘન તપાસ હાથ ધરી છે. બીજી તરફ આ સમગ્ર કૌભાંડ અને અધિકારીઓની શંકાસ્પદ ભૂમિકા અંગે મુખ્ય ટપાલ કચેરીના જવાબદારોએ મૌન સેવી લીધું છે, ત્યારે પોલીસ તપાસમાં આંતરરાજ્ય સાયબર ગેંગ અને ટપાલ કર્મચારીઓ વચ્ચેની મિલીભગતનો મોટો ખુલાસો થવાની શક્યતા છે.

### સાયબર ઠગાઈ

(પાના નં. ૪ થી આગળ)

બીજા જ દિવસે એટલે કે તા. ૨૩ જુલાઈના રોજ બાકીના રૂ. ૧૪,૭૮,૫૧૪ છઝ્રત્નજ્ર મારફતે આરોપીઓએ દર્શાવેલા ફેડરલ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. આમ, વેપારીએ કુલ રૂ. ૨૪,૭૮,૫૧૪ ચૂકવી દીધા હતા. પરંતુ પેમેન્ટ મળી ગયા બાદ પણ ટ્રક ન પહોંચતાં વેપારીએ સંપર્ક કરતા આરોપીઓએ પહેલા એક-બે દિવસમાં માલ કે રૂપિયા પરત આપવાની ખાતરી આપી હતી, પરંતુ ત્યારબાદ નાણાં કે માલ કંઈ પણ ન મોકલી ફોન બંધ કરી દીધા હતા.

આ સમગ્ર મામલે વેપારીની ફરિયાદના આધારે જામનગર પોલીસે પંકજ ત્યાગી, ટોની બજાજ અને બેંક ખાતાધારક સહિતના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૮(૪), ૬૧(૨) તથા આઈટી એક્ટની કલમ ૬૬(ડી) હેઠળ ગુનો નોંધ્યો છે. હાલ પોલીસે સોશિયલ મીડિયા એકાઉન્ટ, બેંક ટ્રાન્ઝેક્શન અને મોબાઈલ નંબરના આધારે આંતરરાજ્ય સાયબર ઠગાઈ આચરતી ગેંગ સુધી પહોંચવા સઘન તપાસ ધરી છે.

### સાચું સોનુ ધોઈ

(પાના નં. ૪ થી આગળ)

રૂપિયા ૩૫,૦૦૦ ની કિંમતનું ૬ ગ્રામ સોનું મેળવી લીધું હોવાનું રાણાભાઈ સોલંકીની ફરિયાદમાં જાહેર થયું છે.

આમ લાંબા અને રાવલ ગામના બે આસામીઓ સાથે સોનાના દાગીના સાફ કરી આપવાના બહાને કુલ રૂપિયા ૮૨,૦૦૦ ની કિંમતની સોનું મેળવી લેતા વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા સબબ કલ્યાણપુર પોલીસ મથકના ધોરણસર ફરિયાદ નોંધાઈ છે. જેને અનુલક્ષીને પોલીસે અજાણ્યા શખ્સો સામે બી.એન.એસ.ની કલમ ૩૧૬ (૨), ૫૪ મુજબ ગુનો નોંધી આરોપી ગઠિયાઓની શોધખોળ હાથ ધરી છે.

### ધ્વજાજી બુકિંગ

(પાના નં. ૪ થી આગળ)

તીર્થરાજસિંહે ઓનલાઈન નાણાં ચૂકવી બે ધ્વજાજીનું બુકિંગ કરાવ્યા અંગે પુષ્ટિ માગતા બે પહોંચ મોકલી આપી હતી. મેનેજર ધવલભાઈએ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આ બંને પહોંચ તદ્દન બનાવટી હતી. પૂજાબેન મેવાડા અને દીપ જનકકુમાર મેરના નામે બનાવવામાં આવેલી આ પહોંચમાં સંસ્થાનો અધિકૃત મોબાઈલ નંબર નહોતો અને મેનેજર દીપકભાઈની ખોટી સહીઓ આચરવામાં આવી હતી.

આમ, આરોપી શિવમ ઠાકરે બોગસ પહોંચ બનાવી શ્રદ્ધાળુઓ તેમજ સમસ્ત ગૂગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સંસ્થા સાથે વિશ્વાસઘાત આચર્યો હોવાનું સામે આવ્યું છે. આ મામલે દ્વારકા પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. એન.એસ. ગોહિલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

### જિલ્લા સહકારી બેંક

(પાના નં. ૩ થી આગળ)

ગૌરવરૂપ ગણાવ્યો હતો. આ પ્રસંગે બેંક મેનેજમેન્ટે જણાવ્યું હતું કે આ સન્માન કોઈ એક વ્યક્તિનું નથી પરંતુ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, કર્મચારીઓની નિષ્ઠાવાન ટીમવર્ક અને ખેડૂતો, સભાસદો તથા ગ્રાહકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે. જામનગર જિલ્લા સહકારી બેંક આધુનિક અને પારદર્શક બેંકિંગ વ્યવસ્થા દ્વારા ખેડૂતો, ગ્રામ્ય વિસ્તાર અને નાના વેપારીઓને સર્વસમાવેશક નાણાકીય સેવાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડથી બેંકને આગામી સમયમાં વધુ મજબૂત તથા ગ્રાહકકેન્દ્રિત સેવાઓ સાથે ’વિકસિત ભારત’ના રાષ્ટ્રીય સંકલ્પમાં સક્રિય યોગદાન આપવાની નવી ઊર્જા અને પ્રેરણા મળશે.

### મેરામણ પરમારના પરિવાર

(પાના નં. ૧ થી આગળ)

ખુલાસો થયો છે કે, જમીનોના વેચાણ દસ્તાવેજોમાં દર્શાવવામાં આવેલ અવેજ પેટેની રકમ માત્ર કાગળ પર દર્શાવવા પૂરતી જ એચડીએફસી બેંકના ચેકો દ્વારા મેરામણભાઈ અથવા તેમની પેઢી શિવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ લેન્ડ ડેવલપર્સ તથા પ્રમુખદેવ પેટ્રોલિયમના ખાતામાં જમા કરવામાં આવતી હતી. ત્યારબાદ તે જ દિવસે અથવા બીજા જ દિવસે આ તમામ રકમ છઝ્રત્નજ્ર કે ચેક મારફતે વાઢેર પરિવારની વિવિધ પેઢીઓ જેવી કે શ્રી સ્વામીનારાયણ અર્થ મુવર્સ, જય શ્રીનાથ કન્સ્ટ્રક્શન અથવા તેઓના સગા સંબંધીઓના ખાતામાં પરત ટ્રાન્સફર કરાવી લેવામાં આવતી હતી. આ રીતે એક પણ રૂપિયો ચૂકવ્યા વગર છેતરપિંડીથી ૧૫૩ કરોડથી વધુની ૨૮ પ્રોપર્ટી પચાવી પાડવામાં આવી હતી.

અડાલજ પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે મુખ્ય આરોપી ભીખુભા હરીસિંહ વાઢેર સહિત ૧૧ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની સઘન તપાસ હાથ ધરી છે. સૌરાષ્ટ્રની પહેલી ૬.૫ કરોડની રોલ્સ રોયસ કાર ખરીદીને ચર્ચામાં આવેલા પ્રખ્યાત બિલ્ડરે વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કરી લેતાં અને કૌભાંડનો પર્દાફાશ થતાં ભૂમાફિયાઓ તથા વ્યાજખોરીના નેટવર્ક સાથે જોડાયેલા તત્વોમાં ભારે ફાળ પડી છે.

### મુકુલ રોયના પુત્રવધૂ

(પાના નં. ૧ થી આગળ)

મળતી માહિતી મુજબ, શર્મિષ્ઠા રોય કોલકાતાથી ઉપડેલા એક ખાનગી ટ્રાવેલ એજન્સીના ૩૨ સભ્યોના ગ્રૂપ સાથે મુસાફરી કરી રહ્યા હતા, જે કૈરોંગ અને રસુવાગઢી થઈને કૈલાશ-માનસરોવર તરફ જઈ રહ્યું હતું. નેપાળ-ચીન સરહદ નજીક અચાનક આવેલા પૂર બાદ આ ગ્રૂપમાંથી માત્ર એક વ્યક્તિનો જ બચાવ થઈ શક્યો છે, જ્યારે શર્મિષ્ઠા સહિત અન્ય ૩૧ લોકો ગુમ હોવાના અહેવાલો મળી રહ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે અને ગુમ થયેલા યાત્રાળુઓના સ્વજનો ગભરાટમાં મુકાઈ ગયા છે. પત્નીના સંપર્કવિહોણા થવાના સમાચાર મળતા જ સુભ્રાંશુ રોય તેમની શોધખોળ કરવા અને વાસ્તવિક પરિસ્થિતિ જાણવા માટે નેપાળ જવા રવાના થઈ ગયા છે. હાલ પીડિત પરિવાર ભારતીય દૂતાવાસ અને સ્થાનિક વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં રહીને મદદ મેળવી રહ્યો છે. સરહદી વિસ્તારમાં પૂરના કારણે બચાવ કામગીરીમાં પણ મુશ્કેલીઓ આવી રહી છે, ત્યારે ભારતીય દૂતાવાસ દ્વારા ગુમ થયેલા તમામ યાત્રાળુઓને સુરક્ષિત રીતે શોધવા માટેના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે.

### જેન આલ્ફા

(પાના નં. ૧ થી આગળ)

આ કાર્યક્રમમાં રમૂજી ક્ષણો પણ સર્જાઈ હતી, જેમાં પીએમ મોદીએ એક નાની છોકરીને કારેલાના શાક વિશે પૂછતાં તેણે માસૂમિયતથી જવાબ આપ્યો હતો કે તેનો ભાઈ કે અન્ય કોઈ કારેલાનું શાક ખાતું નથી, જેનાથી ત્યાં હાજર સહુ કોઈ હસી પડ્યા હતા. પ્રકૃતિ પ્રેમી પીએમ મોદી માટે બાળકોએ ખાસ રાખડીઓ તૈયાર કરી આપી હતી અને પોતાના અભ્યાસ તથા રુચિઓ વિશે પણ વાતો કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાળકોની માસૂમિયત અને પીએમ મોદી સાથેની તેમની સરળ વાતચીત વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

### ગૃહમંત્રી અમિત શાહ

(પાના નં. ૧ થી આગળ)

કરાવવા માટે ૩૦૦ થી વધુ પોલીસ વાહનો દ્વારા માઈક પર એનાઉન્સમેન્ટ કરવું પડતું હોય છે, ત્યારે સમગ્ર દેશમાં એકસાથે કરફ્યુ સફળતાપૂર્વક લાગુ કરવો એ સિક્યોરિટી અને એડમિનિસ્ટ્રેશન માટે અભૂતપૂર્વ અને અત્યંત જટિલ પડકાર હતો. કોરોના કાળના પોતાના અનુભવો શેર કરતા ગૃહમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના વખાણ કર્યા હતા. તેમણે સ્વીકાર્યું હતું કે જ્યારે વડાપ્રધાને પ્રથમ વખત ‘જનતા કરફ્યુ’નો પ્રયોગ કરવાનો વિચાર રજૂ કર્યો, ત્યારે તેમને આશંકા હતી કે કદાચ આ પ્રયોગ નિષ્ફળ જશે. પરંતુ દેશની જનતાએ વડાપ્રધાનની અપીલ પર અભૂતપૂર્વ સાથ આપ્યો અને રસ્તાઓ સંપૂર્ણપણે સુમસામ થઈ ગયા હતા.

### ૧૩ કાર્યકરોની ધરપકડ

(પાના નં. ૧ થી આગળ)

સાધનો છીનવી લેવાના ગંભીર આરોપોસર સાંસદ અભિષેક બેનર્જી, રાજ્યસભા સાંસદ ડેરેક ઓ’બ્રાયન, ઝખઈ નેતા હુમાયુ કબીર, બૈસ્વાનર ચટ્ટોપાધ્યાય અને અન્ય સમર્થકો સામે કુલ ૩ FIR નોંધવામાં આવી છે. આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ૧૩ TMC કાર્યકરોની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, KMCના જાહેરાત વિભાગના અધિકારીઓ પોતાના કર્મચારીઓ અને પોલીસ દળ સાથે કેમેક સ્ટ્રીટ સ્થિત ઇમારતમાં પહોંચ્યા હતા. મ્યુનિસિપલ સત્તાવાળાઓ દ્વારા ઇમારતના સૌથી ઉપરના માળે જોખમી રીતે લટકતા વિશાળ હોર્ડિંગને હટાવવાનો સત્તાવાર આદેશ આપવામાં આવ્યો હતો. જ્યારે નગરપાલિકાની ટીમ અને પોલીસ દળ પોતાની ફરજ બજાવવા ત્યાં પહોંચ્યા, ત્યારે આરોપી નેતાઓ અને તેમના સમર્થકોએ ગેરકાયદેસર રીતે ટોળું એકત્ર કરીને KMCના અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓનો રસ્તો રોકી દીધો હતો અને સરકારી કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.

# અમદાવાદમાં ગુજરાત સુપર લીગ સીઝન-૩ નો ૧ સપ્ટેમ્બરથી પ્રારંભઃ ટ્રોફી, સત્તાવાર જર્સી અને ડિજિટલ એપ લોન્ચ

## યુવા ખેલાડીઓને જર્મનીમાં ટ્રાયલની તક તેમજ ઈજાગ્રસ્ત ફૂટબોલર રાહુલ ભાટીયાને ૨ લાખની આર્થિક સહાયની જાહેરાત

**સમય સંદેશઃ અમદાવાદ**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા ગુજરાત સુપર લીગની ત્રીજી સીઝનનો પ્રારંભ ૧ સપ્ટેમ્બરના રોજ સાંજે ૪ વાગ્યે અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા એરેના ખાતે થવા જઈ રહ્યો છે. GSFA ના ઉપપ્રમુખ પ્રદિપસિંહ વાઘેલાએ પદાધિકારીઓ અને ટીમ માલિકોની હાજરીમાં GSL-3ની ટ્રોફી તથા સત્તાવાર જર્સીનું અનાવરણ કર્યું હતું. આ લીગમાં રમનારા યુ-૨૦ ખેલાડીઓમાંથી બે પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી જર્મનીમાં ટાયર-૩ અને ટાયર-૪ ડોમેસ્ટીક ટુર્નામેન્ટના ટ્રાયલ માટે કરવામાં આવશે, જેમાં જર્મન સાયકોલોજીસ્ટ પ્રોફેસર જેન માયર અને બોસ ટેક્નોલોજી સહાય કરશે. આ ઉપરાંત ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવા ફૂટબોલર રાહુલ ભાટીયાને રૂ. બે લાખની એક્સ-ગ્રેશિયા સહાય આપવાની જાહેરાત કરાઈ હતી. જી.એસ.એફ.એ.ના પ્રમુખ પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, જી.એસ.એલ. માત્ર એક સ્પર્ધા નથી પરંતુ રાજ્યમાં ફૂટબોલના વ્યાપક



વિકાસ માટેનું એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. આ પ્રસંગે ચાહકો અને રમતવીરોને લીગ સાથે સીધા જોડવા માટે GSFA દ્વારા વન-સ્ટોપ ડિજિટલ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે. માનદ સચિવ મુલરાજસિંહ ચૂડાસમાએ આ એપની વિગતો આપતાં જણાવ્યું કે તેમાં મેચ શેડ્યૂલ, ફિક્સ્ચર્સ, લાઈવ સ્કોર, ખેલાડીઓની પ્રોફાઈલ અને ફોટોગ્રાફ્સ સરળતાથી મળી રહેશે. આ ડિજિટલ પહેલથી રમતપ્રેમીઓ અને એસોસિએશન વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે. ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાનારી આ રોમાંચક ટુર્નામેન્ટના સંપૂર્ણ ફિક્સ્ચર્સ પણ જાહેર કરી દેવામાં આવ્યા છે, જેથી ફૂટબોલ ચાહકો પોતાની મનપસંદ ટીમોના મેચનું અગાઉથી આયોજન કરી શકે. GSFA દ્વારા રાજ્યના તમામ રમતપ્રેમીઓ, ખેલાડીઓ અને નાગરિકોને ૧ સપ્ટેમ્બરના રોજ યોજનારા આ ભવ્ય ઉદઘાટન સમારોહમાં હાજર રહી લીગને સફળ બનાવવા અને યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જામનગર પંથકમાં શ્રાવણિજો જુગાર પુર બહારમાંઃ ૫૧ બાજીગરોને ૨.૭૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં શ્રાવણ માસ દરમિયાન ખીલેલી શ્રાવણિયા જુગારની મોસમ સામે પોલીસે લાલ આંખ કરી છે. પોલીસે ગઈકાલે જુદા જુદા સાત સ્થળોએ દરોડા પાડીને બે મહિલાઓ સહિત ૫૧ આરોપીઓની અટકાયત કરી હતી, જ્યારે લાલપુરમાં દરોડા દરમિયાન એક શખ્સ નાસી જતાં તેને ફરાર જાહેર કરાયો હતો. પોલીસે તમામ સ્થળોએથી કુલ રૂ. ૨.૭૩ લાખ ઉપરાંતની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સિટી એ ડિવિઝન પોલીસે શહેરના નાનકપુરી રાવલવાસ વિસ્તારમાંથી જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમતા રાજેશ ગોહિલ, રવી ડાભી, માનસીંગ પરમાર, મુન્ના ડાભી, સંજય પરમાર, વિજય ગોહિલ, હેમુ પરમાર અને કમલેશ પરમાર નામના આઠ શખ્સોને રૂ. ૧૦,૩૪૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. આ ઉપરાંત સિટી એ ડિવિઝન પોલીસે મોરકંડા સેટેલાઇટ પાર્ક વિસ્તારમાંથી રાહુલ માડવીયા, શંકર દેગામા, અનીલ વાઘોણા, જયેશ પાટડીયા, વિજય વિરમગામા, મેહુલ ધારેવાડીયા અને હરપાલસિંહ ઝાલા નામના સાત શખ્સોને રૂ. ૧૦,૦૫૦ ની રોકડ સાથે પકડી પાડ્યા હતા. જ્યારે રણજીતસાગર રોડ પર અટલ આવાસ પાસે સ્ટ્રીટ લાઇટના અજવાળે જુગાર રમતા હરીશ ચુડાસમા, બાલાભાઇ ઉર્ફે અક્ષય ગોસ્વામી, તુલશી રાણ, લાલાભાઇ સોલંકી, નરેશભાઇ કદવાતર, નાનુભા જાડેજા, પ્રકાશભાઇ ઝાલા, વીજયભાઇ ગજરા, ભાવીન મુંજાલ અને મીલનભાઇ ઉર્ફે ભુરો ચાંદ્રા નામના ૧૦ શખ્સોને રૂ. ૧૦,૨૪૦ ની રોકડ સાથે અટકાયત કરી હતી.

સિટી બી ડિવિઝન પોલીસે નવાગામ ઘેડ સ્થિત મધુરમ સોસાયટીમાં પાણીના સમ્પ પાછળ દરોડો પાડી રામદેવસિંહ ગોહીલ, અફજલભાઇ ખફી, ધમેન્દ્રસિંહ જાડેજા, હમીદભાઇ ગુમરા, મયુરભાઇ આલ, રંજનબેન ઉર્ફે મંજુબેન પરમાર અને આનંદબા વાઢેર નામના બે મહિલા સહિત સાત આરોપીઓને રૂ. ૬૧,૦૦૦ ની રોકડ, રૂ. ૨૫,૦૦૦ ના ૩ મોબાઈલ અને રૂ. ૧,૦૦,૦૦૦ ની બે મોટરસાઇકલ મળી કુલ રૂ. ૧,૮૬,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડ્યા હતા. સિટી સી ડિવિઝન પોલીસે ગોકુલનગર મારૂતિનગર શેરી નં.૫ માંથી ધવલભાઇ મસાલીયા, કરણભાઇ ધંધુકીયા, જયેશભાઇ બાણોધરા, પોપટભાઇ ધોયલ, મુકેશભાઇ બાવરીયા અને ધનજીભાઇ ઉપસરીયા નામના છ શખ્સોને રૂ. ૧૦,૩૮૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કાલાવડ ગ્રામ્ય પોલીસે ખરેડી ગામે વાડી વિસ્તારમાં બાવળના ઝાડ નીચે જુગાર રમતા કેશુભાઇ ઘાડીયા, ભરતભાઇ ગીણોયા, અશોકભાઇ ગીણોયા, રાજેશભાઇ ઠુમ્મર, સંગરામભાઇ બાંભવા, ખેતાભાઇ ભુંડીયા અને જીતેશભાઇ સીંગાળા નામના સાત શખ્સોને રૂ. ૧૯,૦૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા. લાલપુર પોલીસે ઉગમણી સીમમાં સરકારી ખરાબામાં દરોડો પાડી કીરણ ભાલોડીયા, અરજણ ગોજીયા, જયેશ વીરપરીયા, સંજય અઘેરા, રાજેશ ભાલોડીયા અને ભરત રાબડીયા નામના છ શખ્સોને રૂ. ૨૭,૪૫૦ ની રોકડ સાથે પકડી પાડ્યા હતા, જ્યારે હીરેન ઉર્ફે ધણી વિનોદભાઈ નામનો શખ્સ ફરાર થઈ જતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

# જામનગર જિલ્લામાં સિંહનું આવાગમન વધ્યું

**સમય સંદેશઃ જામનગર**



ગીર અને બરડા ડુંગર બાદ હવે જામનગર જિલ્લા તરફ સિંહોનું પ્રયાણ વધ્યું છે, પરંતુ છેલ્લા ૧૦ દિવસથી આ વિસ્તારમાં દેખાયેલી એક સિંહણના કોઈ પાકા વાવડ ન મળતાં વનતંત્ર ચિંતામાં મુકાયું છે. સિંહણે કોઈ મારણ કર્યું હોય કે તેની હગાર મળી હોય તેવા કોઈ પુરાવા હજુ સુધી હાથ લાગ્યા નથી. સિંહણ પોતાના મૂળ વિસ્તાર તરફ પરત ફરી હોવાની અથવા ઉપલેટા-જેતપુર થઈ ગિરનાર તરફ ખેંચાઈ ગઈ હોવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને જામનગર, કાલાવડ, જામજોધપુર અને લાલપુર રેન્જનો સ્ટાફ તથા અનુભવી ટ્રેકર્સ રાત-દિવસ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. લોકેશન મેળવવા માટે નાઈટ વિઝન કેમેરા, ડ્રોન અને ટ્રેપ કેમેરાની મદદ લેવામાં આવી રહી છે. આ વિસ્તાર સિંહોના કુદરતી રહેઠાણ માટે અનુકૂળ છે, પરંતુ ખેતરોમાં ગેરકાયદેસર વીજ કરંટ મુકવાની ટેવ વન્યજીવો માટે જીવલેણ સાબિત થઈ રહી છે. દોઢ વર્ષ પહેલાં પણ આ જ વિસ્તારમાં એક સિંહણનું વીજ કરંટથી મોત નીપજ્યું હતું, જેથી હાલ ખુલ્લા વીજ વાયરો સિંહણની સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઊભો કરે છે. વધુમાં, ગીરની સરખામણીએ જામનગર વનવિભાગ પાસે પૂરતો સ્ટાફ, વાહનો અને સાધનોનો અભાવ હોવાથી પેટ્રોલિંગમાં મુશ્કેલીઓ પડી રહી છે. ચોમાસાના કારણે ગારો અને ઊંચા ઘાસને લીધે ફૂટમાર્ક મળવા કઠિન બન્યા છે, તેમજ સીમ વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય મજૂરો પાસેથી સ્થાનિક માહિતી સમયસર મળતી નથી.

વનતંત્ર દ્વારા પરિસ્થિતિને થાળે પાડવા અને સિંહણની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિવિધ પગલાં ભરવામાં આવી રહ્યા છે. સુરક્ષાના ભાગરૂપે જામનગર ગ્રામ્ય PGVCLને પત્ર લખી વીજ પુરવઠા અંગે સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત વિવિધ ગામોના સરપંચો સાથે બેઠકો યોજી જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે અને તેમને સતત સંપર્કમાં રખાયા છે. વન્યજીવો માટે ફુલેશ્વર મહાદેવ નજીક કૃત્રિમ પાણીના પોઇન્ટ્સ ઊભા કરવામાં આવ્યા છે,

# જામનગરમાં પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીની બેઠક યોજતા કલેક્ટર

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર ખાતે જિલ્લા કલેક્ટરશ્રી પી.બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીની વર્ષ ૨૦૨૬-૨૭ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લામાં પ્રાણીઓ પ્રત્યે થતા અત્યાચાર અટકાવવા અને પ્રાણી કલ્યાણની પ્રવૃત્તિઓને વધુ સઘન બનાવવા અંગે વિસ્તારપૂર્વક વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન અતિ ક્રૂર ગણાતા ગ્લુ ટ્રેપના ઉપયોગ પરના પ્રતિબંધ અંગે સમાજમાં બહોળી જાગૃતિ લાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે જ, વિતેલા વર્ષ દરમિયાન જડઈની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી તેમજ ક્ષેત્રીય કક્ષાએથી મળેલી વિવિધ ફરિયાદો અને રજૂઆતોના યોગ્ય નિકાલ અંગે સભ્યો સાથે ચર્ચા-વિચારણા હાથ ધરાઈ હતી. કલેક્ટરશ્રી દ્વારા આગામી સમયમાં હાથ ધરવાની થતી કામગીરીનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાણીઓ પર થતી ક્રૂરતા નિવારવા માટે સમાજનો દરેક વર્ગ સજાગ અને જાગૃત બને તે દિશામાં નક્કર પગલાં ભરવા તથા પ્રાણી કલ્યાણ માટે સતત કાર્યરત રહેવા અંગે સંકલ્પ વ્યક્ત કરાયો હતો. આ બેઠકમાં જિલ્લા પંચાયત, પોલીસ, વન વિભાગ, શિક્ષણ, પશુપાલન, પ્રાણી કલ્યાણ બોર્ડ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીના આજીવન તેમજ વાર્ષિક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## હાઈવે પર હેલ્મેટ ડ્રાઈવ યોજવા, વિદ્યાર્થીઓમાં ટ્રાફિક જાગૃતિ લાવવા અને માર્ગીય સુવિધાઓ સુધારવા કલેક્ટર દ્વારા નિર્દેશો અપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરશ્રી પી.બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ હાઈવે પર વાહનચાલકોની સલામતી માટે હેલ્મેટ પહેરવા અંગે વ્યાપક જનજાગૃતિ સેમિનારો યોજવા અને કડક હેલ્મેટ ડ્રાઈવ હાથ ધરવા ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, નાની વયથી જ બાળકો વાહનવ્યવહાર અને ટ્રાફિકના નિયમોથી સુપેરે માહિતગાર થાય તે હેતુથી તમામ શાળાઓમાં સઘન પ્રચાર-પ્રસાર ઝુંબેશ ચલાવવા સંબંધિત વિભાગોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.


તસવીરઃ હિરેન ગાંધી

માર્ગ સલામતી સુદ્રઢ કરવાના ભાગરૂપે હાપા ઓવરબ્રીજ પાસે રમ્બલ સ્ટ્રીપ મૂકવા તેમજ કનસુમરા પાટિયા સાંઢિયા પુલ પર સ્પષ્ટ રોડ માર્કિંગ અને જરૂરી સાઈનેજીસ લગાવવા તંત્રને આદેશ અપાયા હતા. બેઠકમાં જામનગર જિલ્લા હેઠળ ચોક્કસ એક્શન પ્લાન તૈયાર કરવા, 'ગુજરાત રોડ સેફ્ટી એવોર્ડ વર્ષ-૨૦૨૫' માટે યોગ્ય નોમિનેશન મોકલવા તથા જિલ્લા કક્ષાએ વર્ક ઝોન ટ્રાફિક મેનેજમેન્ટને વધુ અસરકારક બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. સાથોસાથ જિલ્લા હાઈવે સેફ્ટી ટાસ્ક ફોર્સ દ્વારા થયેલી કામગીરીનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

અકસ્માત સમયે ઈજાગ્રસ્તોની મદદ માટેની 'રાહવીર યોજના' અને 'પી.એમ. રાહત યોજના'ના અમલીકરણની પ્રગતિ ચકાસવાની સાથે સ્વૈચ્છિક સંસ્થા ટ્રેક્સ એસ અને નયારા એનર્જી દ્વારા કરાયેલી રોડ સેફ્ટી વિષયક કામગીરીની પણ સમીક્ષા કરાઈ હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, આર.ટી.ઓ. રાહુલ ચૌધરી સહિત રોડ સેફ્ટી કમિટીના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ અને સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લા સહકારી બેંકને પ્રાપ્ત થયો પ્રતિષ્ઠિત એવોર્ડ




**સમય સંદેશઃ જામનગર**

જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકને તેની પ્રગતિશીલ કામગીરી, નવીન અભિગમ, ટેકનોલોજી આધારિત ડિજિટલ સેવાઓ અને ગ્રાહકકેન્દ્રિત શ્રેષ્ઠ સક્ષમતાની નોંધ લઈને રાજ્ય કક્ષાના ગરિમામય સમારોહમાં પ્રતિષ્ઠિત 'ઊળયલિશક્ષલ ઇફક્ષસશક્ષલ અફૂમિ'થી સન્માનિત કરવામાં આવી છે. આ એવોર્ડ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે એનાયત કરાયો હતો. બેંકના ચેરમેન શ્રી જીતુભાઈ લાલના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ મેળવેલી આ ગૌરવપૂર્ણ સિદ્ધિ અંગેનો એવોર્ડ બેંકના જનરલ મેનેજર અને સી.ઈ.ઓ. ડો. મૌનીલ હાથીએ સ્વીકાર્યો હતો અને તેને સમગ્ર સૌરાષ્ટ્રના સહકાર ક્ષેત્ર માટે અતિ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં યુવાનનું છાતીમાં દુઃખાવા બાદ મોત

જામનગર શહેરમા ગોકુલનગર, પાણાખાણ વિસ્તારમાં રહેતાં તોતરામ બલ્લુ સરોજ (ઉ.વ.૩૫) નામના યુવાનને ગત તા.૨૪ ના રોજ છાતીમાં દુ:ખાવો ઉપડ્યો હતો. જેથી તેને તાત્કાલિક સારવાર માટે પ્રથમ શહેરની સમર્પણ હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો. જ્યાં વધુ સારવારની જરૂર જણાતા શહેરની જી.જી.હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો અને તેની સારવાર ચાલુ હતી. દરમિયાન આ યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે અજુ બલ્લુ સરોક દ્વારા પોલીસને જાણ કરાતાં સિટી સી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એચ.એ.પરમાર સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધર છે.

# જામનગરમાં શ્રી ગોડ મેડતવાડ અને ઔદિચ્ય બ્રહ્મસમાજ દ્વારા બળેવની કરાઇ ઉજવણી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં શ્રીગોડ મેડતવાડ બ્રાહ્મણ સમાજ દ્વારા બળેવના પવિત્ર દિવસે બ્રાહ્મણોના મંત્રોચ્ચાર, ગાયત્રીમંત્રો સાથે સમૂહમાં યજ્ઞ પવિત્ર યજ્ઞ બદલવામાં આવી હતી. ત્યારે હર હર મહાદેવ અને જય પરશુરામના જયઘોષ થી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. આજના દિવસે વિધાર્થીના સન્માન, સમૂહ ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ પવિત્ર દિવસે યુવક મંડળ મહિલા મંડળ અને ટ્રસ્ટી મંડળ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હું. શ્રીગોડ મેડતવાડ બ્રાહ્મણ સમાજના પ્રમુખ પરેશભાઈ જાનીની યાદીમાં જણાવ્યું હતું. ઔદીચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા કાશીવિશ્વનાથ રોડ પર આવેલ બ્રહ્મપુરી ખાતે સમુહ જનોઈ બદલવાનું આયોજન કરાયું હતું.

# જામનગર પંથકમાં બે સ્થળેથી ૭૯ બોટલ દારૂ સાથે બે પકડાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના મેઘપર (પડાણા) પોલીસે પડાણા ગામથી આગળ પી.એન. રોડ પર ઓલીયા પીરની ગોળાઈ પાસે દરોડો પાડી ગીરુભા ઇન્દ્રજીતસિંહ જાડેજા અને જયદીપસિંહ દિલીપસિંહ જાડેજાને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ૨૭ હજારની કિંમતની દારૂની ૫૫ બોટલ, તેમજ મારૂતિ સુઝુકી સ્વિફ્ટ કાર, કિંમત રૂ.૫ લાખ, મળી કુલ રૂ.૫,૨૭,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ ગુનામાં દારૂનો જથ્થો સપ્લાય કરનાર અજયભાઈ આહીરની પણ સંડોવણી ખુલતાં તેને પકડવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત સીટી-સી ડિવિઝન પોલીસે દિગ્જામ સર્કલ પાસે કરી હતી. પોલીસે રાજેશ સુખલાલ સીતાપરાને ઝડપી પાડી તેની કબજાની જ્યુપિટર મોટરસાઇકલમાંથી ભારતીય બનાવટની ઇંગ્લિશ દારૂની ૨ બોટલ, કિંમત રૂ.૪૭૪, કબ્જે કરી હતી. સાથે મોટરસાઇકલ, કિંમત રૂ.૩૦,૦૦૦, મળી કુલ રૂ.૩૦,૪૭૪નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# જામનગરમાં ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝરે રૂપિયા ૩.૨૨ લાખની કરી ઉચાપત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ઢીચડા વિસ્તારમાં રહેતા આશિષભાઇ અગ્રવાલ મોટી ખાવડી ખાતે છેલ્લા આશરે ૧૫ વર્ષથી અગ્રવાલ મુવર્સ નામે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. તેમની ટ્રાન્સપોર્ટમાં વર્ષ ૨૦૧૭થી કુલદિપસિંગ નંદસિંગ કરમસૌથ નામનો શખ્સ સફાઇ કામ કરતો હતો અને વર્ષ ૨૦૨૨થી તેને સુપરવાઇઝર તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી.

ગાડીઓ ભાડે લેવી તેમજ ભાડે આપવી અને તેના પેમેન્ટની લેવડદેવડનું કામ પણ તે જ સંભાળતો હતો. ડિસેમ્બર ૨૦૨૪થી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન અગ્રવાલ મુવર્સની અલગ-અલગ ટ્રેલર ગાડીઓ વિવિધ ટ્રાન્સપોર્ટ તથા કંપનીઓને ભાડે આપવામાં આવી હતી. આ વ્યવહારોમાંથી મળવાની રકમમાંથી કુલ રૂ.૩,૨૨,૫૦૦ કુલદિપસિંગે અગ્રવાલ મુવર્સના બેંક ખાતામાં જમા કરાવવાના બદલે પોતાના તથા પોતાના ભાઇના બેંક ખાતામાં ફોન-પે મારફતે જમા કરાવ્યા હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ ગાડી નંબર GJ-10-TX-6711ના ભાડાની રકમમાંથી રૂ.૯૦,૦૦૦, બીજી વખત આ જ ગાડીના ભાડામાંથી રૂ.૩૪,૦૦૦, GJ-12-BZ-2103ના વ્યવહારમાંથી રૂ.૭૫,૦૦૦, GJ-12-BX-9911માંથી રૂ.૧૦,૦૦૦, NL-01-AD-7991માંથી રૂ.૬૦,૦૦૦ તેમજ ફરી GJ-12-BZ-2103ના ભાડામાંથી રૂ.૫૩,૫૦૦ પોતાના તથા ભાઇના ખાતામાં ઓનલાઇન જમા કરાવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આમ કુલ રૂ.૩,૨૨,૫૦૦ની રકમ ટ્રાન્સપોર્ટના ખાતામાં જમા કરાવવાને બદલે પોતાના અંગત ઉપયોગ માટે વાપરી કંપની સાથે ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

## જામનગરમાં રક્ષાબંધનની ભાવુક ઉજવણીઃ જિલ્લા જેલમાં બંદીવાન ભાઈઓ અને બહેનોના મિલનથી વાતાવરણ લાગણીસભર બન્યું



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં રક્ષાબંધન પર્વની ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી, જ્યાં બહેનોએ ભાઈઓના દીર્ઘાયુષ્યની કામના કરી રક્ષાસૂત્ર બાંધ્યું હતું અને ભાઈઓએ સુરક્ષાનો સંકલ્પ લીધો હતો. આ પવિત્ર પર્વ નિમિત્તે જામનગર જિલ્લા જેલમાં પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યાં બંદીવાન ભાઈઓને મળવા પહોંચેલી બહેનોએ રાખડી બાંધીને પ્રેમ અને સ્નેહની અભિવ્યક્તિ કરી હતી. જેલ સત્તાધીશોના આ સરાહનીય પ્રયાસથી જેલ પરિસરમાં અત્યંત ભાવુક વાતાવરણ સર્જાયું હતું, જેણે સાબિત કર્યું કે પરિસ્થિતિ ગમે તેવી હોય પણ ભાઈ-બહેનના પ્રેમનો સંબંધ હંમેશાં અકબંધ રહે છે.

# જામનગરમાં રક્ષાબંધનની ઉત્સાહભેર ઉજવણીઃ જેલમાં સર્જાયા ભાવુક દૃશ્ય

**સમય સંદેશઃ જામનગર**

ભારતીય સંસ્કૃતિમાં પવિત્ર સંબંધો અને માનવીય મૂલ્યોનું જતન કરતા રક્ષાબંધનના તહેવારની જામનગરમાં ભારે હરખ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શ્રાવણ માસની પૂર્ણિમાના આ પવિત્ર દિવસે બહેનોએ પોતાના ભાઈના સુખ, સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી કાંડા પર રક્ષાસૂત્ર બાંધ્યું હતું, જ્યારે ભાઈઓએ પણ બહેનને જીવનભર સાથ અને સુરક્ષા આપવાનો સંકલ્પ લીધો હતો. આ અવસરે વિવિધ સંસ્થાઓની બહેનોએ શહેર અને જિલ્લાના અગ્રણીઓ તથા મહાનુભાવોને રાખડી બાંધી આ લાગણીસભર પર્વની ઉજવણી કરી હતી.

રક્ષાબંધનનો આ તહેવાર માત્ર એક રંગબેરંગી દોરો નથી પરંતુ તેમાં બહેનનો વિશ્વાસ, પ્રેમ અને શ્રદ્ધા વણાયેલા છે. આજના આધુનિક અને વ્યસ્ત યુગમાં પણ આ પર્વ પરિવારને એકસૂત્રે બાંધવાનું કામ કરે છે. દૂર-સુદૂર રહેતા ભાઈ-બહેનો પણ આ દિવસે એકબીજા સાથે જોડાઈને સ્નેહની આપ-લે કરે છે. સમાજમાં મહિલાઓનું સન્માન અને સુરક્ષા જળવાઈ રહે તે સંદેશ આપતો આ તહેવાર આપણને યાદ અપાવે છે કે સંબંધોની સાચી શક્તિ ભૌતિક ભેટસોગાદોમાં નહીં પરંતુ મુશ્કેલીના સમયે એકબીજાની પડખે ઊભા રહેવામાં છે.

આ પવિત્ર પર્વની જામનગર જિલ્લા જેલમાં પણ અત્યંત ભાવુક અને વિશેષ રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેલ સત્તાધીશો દ્વારા બંદીવાન ભાઈઓ પોતાની બહેનો પાસે રાખડી બંધાવી શકે તે માટે જેલ પરિસરમાં વિશેષ વ્યવસ્થાઓ અને અલગ-અલગ ટેબલો ગોઠવવામાં આવ્યા હતા. સજા ભોગવી રહેલા ભાઈઓને મળવા પહોંચેલી બહેનોએ પોતાના વહાલસોયા ભાઈના કાંડા પર પ્રેમનું પ્રતીક એવી રાખડી બાંધી હતી. લાંબા સમય પછી પોતાના ભાઈને મળીને રાખડી બાંધતી વેળાએ અનેક બહેનોની આંખોમાંથી અશ્રુધારા વહી નીકળી હતી.

જેલની ઊંચી દિવાલો પણ ભાઈ-બહેનના આ અમર અને અતૂટ પ્રેમને કેદ કરી શકી ન હતી. જેલ સત્તાધીશોના આ સરાહનીય પ્રયાસથી બંદીવાન ભાઈઓને પણ તહેવારની અનુભૂતિ થઈ હતી અને સમગ્ર જેલ પરિસરમાં લાગણીસભર વાતાવરણ સર્જાયું હતું. આ ઉજવણીએ સાબિત કર્યું કે ભૌતિક અંતર કે પરિસ્થિતિ ગમે તે હોય, પ્રેમ અને સ્નેહનો રેશમી દોરો હંમેશાં અકબંધ રહે છે.

## વાવડીમાં વીજપોલના પ્રશ્ને ખેડૂતોની ભૂખ હડતાળઃ આઠમા દિવસે અનોખી રીતે રક્ષાબંધન ઉજવાયું




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામે વીજપોલના પ્રશ્ને ખેડૂતો દ્વારા શરૂ કરાયેલું આંદોલન વધુ ઉગ્ર બન્યું છે અને ભૂખ હડતાળ આજે આઠમા દિવસે પણ યથાવત રહી છે. રામાપીર મંદિર ખાતે ચાલી રહેલા આ આંદોલનમાં પ્રારંભે સાત ખેડૂતો ઉપવાસ પર બેઠા હતા, જેમાંથી હાલ ત્રણ ખેડૂતોના અનશન ચાલુ છે. રક્ષાબંધનના પવિત્ર પર્વે પણ ગ્રામજનોએ આંદોલન પ્રત્યે સંપૂર્ણ એકતા દર્શાવી હતી. બહેનોએ કોઈપણ પ્રકારની મીઠાઈ કે ઉજવણી વિના ઉપવાસી ભાઈઓના કાંડા પર રક્ષાસૂત્ર બાંધી લડતમાં સફળતાની કામના કરી હતી. આ સાથે નાની બાળાઓએ પણ રક્ષા કવચ બાંધીને સરકાર ખેડૂતોની ન્યાયી માંગણીઓ સંતોષી તેમના પારણાં કરાવે તેવી ભાવુક અપીલ કરી હતી. વીજપોલના વિવાદનો યોગ્ય અને કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી આ લડત સતત

અનુ પાના નં.૨ પર

### નાણાં ઉપાડનાર પણ એ કર્મચારી જ હોવાનું રેકર્ડઃ બેંગ્લોર પોલીસમાં એક વર્ષ પહેલા સાઈબર ફ્રોડના નોંધાયેલા ગુન્હામાં જામનગરીન ટપાલ કચેરી સાથે ખુલ્યું કનેકશન

# જામનગરની હેડ પોસ્ટઓફિસમાં સાયબર ફ્રોડ મામલે તપાસ

### દસ જેટલા ખાતાઓમાં રૂા. ૬૮ લાખ કરતાં વધુ રકમની લેવડ-દેવડ મામલે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા તપાસનો પ્રારંભઃ કર્મચારીએ જ નિયમ વિરૂદ્ધ ખાતાધારકોના ફોર્મ ભર્યા અને તેમાં પોતાનો જ મોબાઈલ નંબર નોંધ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં જૈન દેરાસર સામે આવેલી મુખ્ય ટપાલ કચેરીમાં રૂ. ૬૮ લાખથી વધુના સાયબર ફ્રોડનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવતાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસ મુજબ ટપાલ કચેરીના ૧૦ જેટલા ખાતાધારકોના ખાતામાં સાયબર ફ્રોડથી આવેલી લાખો રૂપિયાની શંકાસ્પદ રકમ બીજા જ દિવસે ઉપાડી લેવામાં આવી હોવાનું જણાયું છે. આ સમગ્ર કારસ્તાનમાં ટપાલ કચેરીના જ એક કર્મચારી આફતાબ માડકીયા અને તેમના સગાંઓની સીધી સંડોવણી હોવાનું બહાર આવતાં સંબંધિત વર્તુળોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આ આખું કૌભાંડ બેંગ્લોરના સેન પોલીસ સ્ટેશન (વ્હાઈટ ફિલ્ડ) દ્વારા મોકલાયેલા પત્રના આધારે સપાટી પર આવ્યું હતું. ખાતા નં. ૦૧૦૦૫૦૦૪૬૪૬૧ માં રૂ. ૪,૮૪,૮૦૦ ની શંકાસ્પદ લેવડ-દેવડ અંગે બેંગ્લોર પોલીસે જામનગર ટપાલ કચેરી પાસે વિગતો માંગી હતી. પરંતુ ટપાલ તંત્રના જવાબદારોએ તપાસમાંથી બચવા માટે ખાતાધારક મહિલા યાશ્મીન પીઠડીયાનું મૃત્યુ પ્રમાણપત્ર રજૂ કરી સમગ્ર મામલે લીંપાપોતી કરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે તે મહિલા જીવિત હોવાનું માનવામાં આવી રહ્યું છે.

દરમિયાન જામનગર સાયબર ક્રાઈમ પોલીસને મળેલી એક ચોંકાવનારી અરજીમાં તા. ૩૦-૧-૨૦૨૫ થી ૨૦-૨-૨૦૨૫ દરમિયાન ૧૦ ખાતાઓમાંથી રૂ. ૬૮,૨૯,૮૦૦ ની શંકાસ્પદ લેવડ-દેવડ થઈ હોવાનો ખુલાસો થયો છે. જેમાં ચારમીન પીઠડીયા, ફરહાન પીઠડીયા, જમીર ઠાસરીયા, અમીન બ્લોચ, જુહેર ઓડિયા, અબ્બાસ ઓડિયા, અલ્તાફ ઓડિયા, સાજીદ માડકીયા અને નસરીન માડકીયા જેવા ખાતાધારકોના નામે રૂ. ૩.૩૬ લાખથી રૂ. ૫.૧૫ લાખ સુધીની રકમો જમા થઈ તુરંત ઉપાડી લેવાઈ હતી. ટપાલ વિભાગના નિયમોની ગંભીર અણદેખી કરીને કર્મચારી આફતાબ માડકીયાએ ખાતા ફોર્મમાં પોતાના જ મોબાઈલ નંબર દર્શાવ્યા હતા અને નાણાં ઉપાડવામાં પણ તેમની તથા આતિક માડકીયાની ભૂમિકા સામે આવી છે. આટલી મોટી ગેરરીતિ સામે આવ્યા છતાં ટપાલ કચેરીના ઉચ્ચ અધિકારીઓએ કડક પગલાં ભરવાને બદલે માત્ર કર્મચારીની બદલી કરી ખાતાકીય તપાસનું નાટક રચ્યું

અનુ પાના નં.૨ પર

## કાલાવડ તાલુકાના ધુન ધોરાજીમાં પત્ની રિસામણે ચાલી જતાં યુવાનનો આપઘાત

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લા કાલાવડ તાલુકાના ધૂનધોરાજી ગામે રહેતાં ૩૦ વર્ષિય યુવાને પોતાની પત્ની રિસામણે ચાલી જતાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકેથી આપઘાતના આ બનાવ અંગેની વિગત મુજબ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ધુન ધોરાજી ગામે રહેતાં પંકજભાઇ કરશનભાઇ મકવાણા (ઉ.વ.૩૦) નામના યુવાનના પત્ની છેલ્લા આઠેક દિવસથી તેના માવતરે રિસામણે ચાલ્યા ગયા હતા. જે વાતનું પંકજભાઇને મનમાં લાગી આવતા તા.૨૭ના સાંજના સમયે ભાગમાં રાખેલ વાડીએ ખેતીના પાકમાં છાંટવાની ઝેરી જંતુનાશક દવા છાંટવાની દવા પી આપઘાત કર્યો હતો. આ બનાવ અંગે મનસુખભાઇ કરશનભાઇ મકવાણા દ્વારા પોલીસને જાણ કરાતા કાલાવડના હેડ કોન્ટેબલ જી.આર.ચાવડા સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી આગળની તજવીજ હાથ ધરી હતી.

## જામનગરમાં એલ્યુમિનિયમ સ્ક્રેપના નામે ૨૭.૭૮ લાખની સાયબર ઠગાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સ્વરૂપ રેસીડેન્સી વિસ્તારમાં રહેતા અને 'ઓસિયનીક એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રી' નામની પેઢી ચલાવતા વેપારી હર્ષભાઈ વેકરીયા સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ગત ૧૮ જુલાઈના રોજ તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર હરિયાણાના ગુરૂગ્રામની 'ત્રીદેવ રીસાયકલીંગ' નામની પેઢીની જાહેરાત જોઈ હતી. આ જાહેરાતના આધારે પંકજ ત્યાગી નામના દલાલ અને પેઢીના માલિક ટોની બજાજ સાથે સંપર્ક થયો હતો. બંને પક્ષો વચ્ચે વાટાઘાટો બાદ રૂ. ૩૦૨ પ્રતિ કિલોના ભાવે આશરે ૭,૦૭૫ કિલો એલ્યુમિનિયમ સ્ક્રેપ ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આરોપીઓએ વેપારીનો વિશ્વાસ કેળવવા માટે એક આખી વ્યવસ્થિત યોજના બનાવી હતી. તેમણે એક ટ્રકમાં એલ્યુમિનિયમ સ્ક્રેપ લોડ કરાવી દીધો હોવાનું કહી તેના ફોટા, વિડિયો, વે-બ્રિજની રસીદ, ઈ-વે બિલ અને ટ્રકના નંબર મોકલી આપ્યા હતા. આ તમામ બોગસ પુરાવાઓ દર્શાવીને આરોપીઓએ ૨ ટકા ઝઉજ કાપીને કુલ રૂ. ૨૫ લાખની ચૂકવણી કરવા માંગ કરી હતી અને ફેડરલ બેંકના એકાઉન્ટનો કેન્સલ ચેક પણ મોકલ્યો હતો. વેપારીને માલ રવાના થઈ ગયો હોવાનો વિશ્વાસ બેસતાં તેમણે નાણાં ચૂકવવાની તૈયારી બતાવી હતી.

વેપારી હર્ષભાઈએ તા. ૨૨ જુલાઈના રોજ રૂ. ૧૦ લાખ અને

અનુ પાના નં.૨ પર

## જામનગરના ચાંદીબજારમાં યુવતીસાથે કથિત ગેરવર્તનની ઘટનાથી ટોળા ઉમટયા




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સૌથી વ્યસ્ત વિસ્તારો પૈકીના ચાંદી બજાર વિસ્તારમાં યુવતી સાથે ગેરવર્તનના આક્ષેપને પગલે ચકચાર મચી હતી. લોકોની સતત અવરજવર વચ્ચે પાર્કિંગ વેળાએ યુવતી સાથે રિક્ષા અથડાયા બાદ રિક્ષા ચાલકે ગેરવર્તન કર્યાનો આરોપ લાગ્યો હતો. ભરબજારે બનેલા આ બનાવની જાણ થતાં આસપાસના વેપારીઓ એકત્રિત થઈ ગયા હતા જેને લઈને મામલો ઉગ્ર બન્યો હતો.

શહેરના ચાંદી બજાર વિસ્તારમાં ગઈકાલે રાત્રિના ૮ વાગ્યાના સમયષાળા દરમિયાન વાહન પાર્કિંગ વેળાએ એક યુવતીને રિક્ષા અડી ગયા બાદ રિક્ષાચાલક યુવતી સાથે ગેરવર્તન કર્યો હોવાની યુવતીએ રાવ કરતા ઘટનાને પગલે આસપાસના સોની વેપારીઓ દોડી આવ્યા હતા.

બનાવની જાણ થતાં જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી સહિતના આગેવાનો પણ ચાંદી બજાર પહોંચ્યા હતા. બાદમાં ૧૧૨ ને જાણ થતા ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી જ્યાં મામલો થાળે પડ્યા બાદ ચેરમેન ધીરેન મોનાણીની હાજરીમાં વેપારીઓ તથા અગ્રણીઓ સિટી એ ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યા હતા.

જ્યાં પોલીસ અધિકારીઓ સમક્ષ સમગ્ર મામલે રજૂઆત કરી યુવતી સાથે ગેરવર્તન મુદ્દે તપાસ કરી કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. બનાવને પગલે ચાંદી બજાર વિસ્તારમાં થોડા સમય માટે લોકોના ટોળા એકત્ર થતાં વાતાવરણમાં પણ ગરમાવો જોવા મળ્યો હતો.

## રાવલ, લાંબામાં દાગીના સાફ કરી આપવાના નામે ગઠિયાઓએ સાચું સોનુ ધોઈ નાખ્યું..!!

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા અરજણભાઈ નાથાભાઈ ગોહેલ નામના ૭૦ વર્ષના પ્રજાપતિ વૃદ્ધના ઘરમાં ગત તારીખ ૧૭ ઓગસ્ટના રોજ બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. તેમણે અરજણભાઈ ગોહેલને વિશ્વાસમાં લઈ તેમના પત્નીએ પહેરેલી બે બંગડીઓ ધોઈને સાફ કરી આપવાનું જણાવ્યું હતું. તેની વાતોમાં આવીને ઉપરોક્ત આસામીએ દાગીના સાફ કરવા આપતા આ અજાણ્યા ગઠિયાઓએ કોઈ કેમિકલ વડે દાગીના ધોઈ, તેમાંથી રૂપિયા ૪૭,૦૦૦ જેટલી કિંમતનું ૧૬.૮૮ ગ્રામ સોનુ કાઢી લીધું હોવાનું જાહેર થયું છે.

અન્ય એક બનાવમાં તારીખ ૨૨ ઓગસ્ટના રોજ કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે રહેતા રાણાભાઈ લખમણભાઈ સોલંકી નામના ૫૦ વર્ષના એક આસામીના ઘરે અજાણ્યા શખ્સો આવ્યા હતા. તેમના ધર્મપત્નીએ ગળામાં પહેરેલા સોનાના આશરે ૨૫ ગ્રામ જેટલા વજનના સોનાના ચેનને ધોવાના બહાને તેમાંથી કોઈ કેમિકલ મારફતે

અનુ પાના નં.૨ પર

## દ્વારકામાં ધ્વજાજી બુકિંગના નામે બે આસામીઓ સાથે છેતરપિંડીઃફરિયાદ

### ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ સંસ્થાના બુકીંગ મેનેજરની ફરિયાદઃ નકલી પહોંચ મળતા ભાંડો ફૂટયોઃ ૧.૨૦ લાખ બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના જગત મંદિરના શિખર પર ધ્વજાજી ચડાવવાના નામે શ્રદ્ધાળુઓ સાથે રૂ. ૧.૦૨ લાખની છેતરપિંડી થયાનો ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે. દ્વારકામાં ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સંસ્થામાં ધ્વજાજી બુકિંગના મેનેજર તરીકે ફરજ બજાવતા ધવલભાઈ વિનોદભાઈ દેવમુરારીએ દ્વારકાના રહીશ શિવમ દીપકભાઈ ઠાકર નામના યુવાન સામે દ્વારકા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. આરોપીએ જગત મંદિરે ધ્વજાજી ચડાવવાના બહાને બે અલગ-અલગ આસામીઓ પાસેથી અનધિકૃત રીતે રૂ. ૫૧-૫૧ હજારની રકમ પોતાના અંગત એસ.બી.આઈ. બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી.

આ સમગ્ર કૌભાંડનો ખુલાસો કચ્છ-ભુજના રહીશ તીર્થરાજસિંહ રાજપુત દ્વારા સંસ્થાને મોકલવામાં આવેલા પત્ર બાદ થયો હતો.

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com